ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં 'કરવા ચોથ'ની ભાવપૂર્વક ઉજવણી



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સે-૨-એમાં આજે પરિણિત મહિલાઓ દ્વારા કરવા ચોથની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. કરવા ચોથની આ પૂજામાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદના અનેક વિસ્તારમાંથી ઉત્તર ભારતીય મહિલાઓએ ભાગ લીધો હતો.

સે-૨-એમાં ભૂમિ કે. જોગાણી દ્વારા છેલ્લા ૧૧ વર્ષથી કરવા ચોથની પુજાનું વિશિષ્ટ આયોજન હાથ ધરવામાં આવે છે. આ વર્ષે પણ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પરિણિત મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લઈ પૂજા કરી હતી. આ કાર્યક્રમમાં વિશેષ રૂપે ગામઠી થીમ આધારિત ડેકોરેશન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને ઉત્તર ભારતીય મહિલાઓમાં વધુ પ્રચલિત આ વ્રતની પૂજામાં ગાંધીનગરમાં વસવાટ કરી રહેલી અનેક પંજાબી અને અન્ય ઉત્તર ભારતીય મહિલાઓ જોડાઈ હતી. આ ઉપરાંત અમદાવાદના સેટેલાઈટ, બોપલ, વસ્ત્રાપુર અને બાપુનગર જેવા અનેક વિસ્તારની પરિણિત મહિલાઓ પણ આ પૂજામાં જોડાઈ હતી. ગાંધીનગરના ઉતર ભારતીય નિવાસી પૂજાબેન ચેબા દ્વારા આ મહિલાઓને કરવા ચોથની પૂજા કરાવાઈ હતી તેમજ કથા કહેવામાં આવી હતી. આ પૂજા પત્યા બાદ તમામ મહિલાઓને મહાકાલી દાલનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ભૂમિ કે. જોગાણી દ્વારા પોતે ગુજરાતી મહિલા હોવા છતાં શ્રધ્ધાપૂર્વક કરવા ચોથનું વ્રતનું આયોજન કરવામાં આવે છે જેમાં જોડાયેલી મહિલાઓ પૂજા-વ્રત કરી પોતાના પતિના લાંબા આયુષ્ય અને તંદુરસ્તીની કામના કરે છે.

# ચેઈન સ્નેચીંગના ગુનામાં રીઢો શખ્સ સાન્યો ઝડપાયો

### સે. ૨૧ પોલીસ છોટા ઉદેપુરના પોલીસ સ્ટેશનથી ટ્રાન્સફર વોરંટથી લઈ આવી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સહિત વિવિધ જિલ્લાઓમાં ચેઈન સ્નેચીંગ કરીને તરખાટ મચાવનાર રીઢો ચેઈન સ્નેચર શખ્સ સાન્યો પોલીસ સકંજામાં આવી ગયો છે. સે. ૨૧ પોલીસ સાન્યો નામના રીઢા શખ્સને છોટાઉદેપુર પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે. ત્રણ ચેઈન સ્નેચીંગના ગુનામાં વોન્ટેડ હોવાનું પણ જાણવા મળ્યું છે. જેને આધારે સે. ૨૧ પોલીસે

● અનુસંધાન પાન-૭ પર

# ઓવર સ્પીડે જતી વૈભવી કાર જગુઆર સરકીટ હાઉસ પાસેથી ડીટેઈન



ગાંધીનગર, તા. ૧૧

પાટનગરના પહોળા અને ડ્રાઈવ ફ્રેન્ડલી રસ્તા પર યુવાનોના બાઈક પર સ્ટંટ કરવાના અને ધૂમ મચાવવાના કિસ્સાઓ તો અવારનવાર નોંધાય છે. પરંતુ આજે પાટનગરમાં લક્ઝુરીયસ અને ભવ્યાતિભવ્ય ગણાતી એવી 'જગુઆર' કારે ધૂમ મચાવી છે. રાજકોટનો યુવાન યુસુફ નાઝીરજુનેજા તેની જીજે-૩-એફકે-૭૫૫ નંબર વાળી જગુઆર કાર લઈને પાટનગરના પહોળા રસ્તાને અજમાવી રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# શિયાળાને સમયનો વર્તારો પરંતુ વાતાવરણ મચક આપતુ નથી

### દિવસ ટુંકો અને રાત લાંબી એ શિયાળાનો તકાજો, જેમાં શિતળતાની આશ પરંતુ કાળઝાળ ગરમી

ગાંધીનગર, તા. ૧૦

ભારતીય ઋતુચક્ર વર્ષના ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. જેમાં શિયાળો, ઉનાળો અને ચોમાસુ પરંતુ કુદરતની આ પરિક્રમામાં પ્રદૂષણે વાતાવરણને ડહોળી નાખ્યું છે. છતાં સમય મુજબ ઋતુ બદલાઈ જાય છે. પરંતુ વાતાવરણમાં ફેરફાર આવતો નથી. હાલ શિયાળો શરૂ થઈ ગયો છે જે દિવસ, રાત્રીના સમયગાળા ઉપરથી નક્કી કરી શકાય છે પરંતુ શિયાળામાં છવાતી શિતળતાને વાતાવરણે છીનવીને કાળઝાળ ગરમીમાંય પરિવર્તિત કરી દીધી છે. જેથી ઋતુચક્રમાં બદલાવની સૃષ્ટિ જીવ ઉપર થતી અસરો આડઅસરોમાં તબદીલ થઈ ગઈ છે. જેનો સૌથી વધુ ભોગ મનુષ્ય જીવ બને છે.


વિશ્વમાં શ્રેષ્ઠ માનવજીવન ભારતીય પ્રદેશનું ગણાય છે. જેમાં વર્ષ દરમ્યાનની ત્રણ ઋતુઓ તેના ચક્ર મુજબ આવે છે. જેથી તમામ પ્રકારની જીવસૃષ્ટિ તેના અહેસાસ સાથે શ્રેષ્ઠ જીવન ભોગવી શકે છે. પરંતુ સમગ્ર વિશ્વમાં અને સવિશેષ ભારતમાં પ્રદૂષણની માત્રા થયેલા જંગી વધારાથી ગ્લોબલ વોર્મિંગ સિસ્ટમ કાર્યરત થઈ છે અને તે આ ઋતુચક્રના વાતાવરણને ડહોળી રહી છે. હાલમાં ચાલી રહેલી ઋતુ શિયાળો તે સમયની દૃષ્ટિએ દિવસ ટુંકો અને રાત લાંબી સૌ કોઈ અનુભવી રહ્યું છે. પરંતુ શિયાળામાં અપેક્ષા મુજબ શિતળતા છવાવી જોઈએ તે હાલના વાતાવરમમાં છવાતી નથી અને હજુ પણ કાળઝાળ ગરમીનો લોકો અનુભવ કરી રહ્યા છે.

ઋતુચક્ર મુજબ ચોમાસા પછી શિયાળો આવે છે તેમાં ચોમાસાએ લગભગ વિદાય લઈ લીધી છે અને શિયાળાનું આગમન પણ થઈ ચુક્યુ છે. વહેલી પરોઢે ઠંડી મોડી રાત્રીએ ઠંડી, પરંતુ દિવસ દરમ્યાન અંગ દઝાડતી



ગરમીએ ઋતુચક્ર વિરૂદ્ધ બનતુ જાય છે. જેની આડ અસરો મનુષ્ય જીવ ઉપર વધુ પડે છે. ઠંડી-ગરમીના બે પડ વચ્ચે પીસાતો મનુષ્ય જીવ ગંભીર રોગોમાં સપડાય છે. જેથી સમગ્ર વાતાવરણમાં શુદ્ધતા ઈચ્છનીય છે ત્યારે પ્રદૂષણ ફેલાતુ અટકાવવાતમામ લોકોએ પહેલ કરવી જોઈએ. અન્યથા ભારતીય મનુષ્ય જીવનું આયુષ્ય હજુ પણ ટુંકુ થઈ જશે તેવો બુદ્ધીજીવી વર્ગનો મત છે.

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **રતિલાલ ધનેશ્વર મહેતા** (નિવૃત્ત અધિક્ષક ઈજનેર જી.ઈ.બી.) તા. ૯/૧૦/૨૦૧૪ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૧૩/૧૦/૨૦૧૪ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૦/૧, સેકટર-૨/એ, સ્વામિનારાયણ મંદિર પાસે, ગાંધીનગર

| | |
|---|---|
| મધુકર વ્યાસ | જયશ્રીબેન મધુકર વ્યાસ |
| (નિવૃત્ત વ્યાખ્યાતા) | ડો. કાલિન્દીબેન ગાંધી |
| આર. સી. પોલીટેકનીક | સ્મિતા નરેન્દ્ર ગુરૂન્ગ |
| નરેન્દ્ર ગુરૂન્ગ | (મદદનીશ ચૂંટણી કમિશનર) |
| (સંયુક્ત નિયામક, વિકસતી જાતિ) | રોશની મધુકર વ્યાસ |
| કામાક્ષી યશેષ વ્યાસ | યશેષ મધુકર વ્યાસ |

મો. ૯૭૧૨૨ ૦૦૮૪૯, ૯૪૨૮૪ ૦૯૯૪૮

## વેચવાની છે

ગાંધીનગરના સુપ્રતિષ્ઠિત વાણિજ્યિક વિસ્તાર R-World, સે.૨૧માં ફ્રન્ટ લોકેશન ગ્રાઉન્ડ ફ્લોર + સ્ટોર (બેઝમેન્ટ) દુકાનો વેચાણથી આપવાની છે (રેડી પઝેશન), રસ ધરાવતી વ્યક્તિઓએ સંપર્ક કરવો.

મો. : ૯૮૭૯૦ ૯૯૯૧૦

## ભોંયરૂ વેચવાનું છે

ઓફીસ / ટ્યુશન ક્લાસીસ / ગોડાઉનને અનુરૂપ ભોંયરૂં વેચવાનું છે.

કા.એરિયા ૬૨૫ સ્કે.ફુટ

આનંદવાટિકા સોસાયટી

સે.૨૨, ગાંધીનગર

મો. : ૯૮૭૯૦ ૯૯૯૧૦

ટાઈટલ ક્લીયર, સ્વતંત્ર રસ્તો

## હાર્દિક અભિનંદન



**રંગુસિંહ શંકરસિંહ રાઠોડ**

**(માઁ મંડપ સર્વિસ)**

**ઈન્ચાર્જ સરપંચશ્રી, વાઘપુર ગ્રામ પંચાયત**

આપશ્રીને વાઘપુર, તા. પ્રાંતિજના સરપંચશ્રીનો ચાર્જ ગ્રહણ કરવા બદલ અને વાઘપુરના વિકાસને ઝડપી બનાવો તે માટે અમારી શુભેચ્છા સહ અભિનંદન

| | |
|---|---|
| કેસરીસિંહ મોહનસિંહ ચૌહાણ | દોલાજી એસ. ચૌહાણ |
| (સદસ્યશ્રી) | (માજી સરપંચશ્રી) |
| સુરાજી સોમાજી ચૌહાણ (સદસ્યશ્રી) | જીવરામભાઈ એફ. ચૌહાણ |
| વિનોદસિંહ કિર્તીસિંહ રાઠોડ | (માજી ડેલીગેટ) |
| (સદસ્યશ્રી) | પ્રદિપસિંહ ધર્મેન્દ્રસિંહ રાઠોડ |
| તારાબા કાળુસિંહ રાઠોડ (સદસ્યશ્રી) | (મહાવીર એન્ટરપ્રાઈઝ) |
| નિરૂબેન પ્રહલાદભાઈ પરમાર (સદસ્યશ્રી) | હરેશભાઈ મૂળશંકર જોષી |
| રમેશભાઈ મોહનભાઈ પરમાર | મુરલીધર સ્ટોર્સ (પ્રાંતિજ) |
| (ચેરમેન - સા.ન્યાય સમિતિ) | રામસિંહ વી. ચૌહાણ |
| હસમુખભાઈ વિનુભાઈ પરમાર | દશરથસિંહ લક્ષ્મણસિંહ મકવાણા |

## ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં ખાસ વળતર

શ્રી યોગીકૃપા ખાદી ગ્રામોધોગ વિકાસ સંઘ, મોડાસા દ્વારા સંચાલિત

# યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત સુતી ખાદી | ૨૫% વળતર |
| પોલીવસ્ત્ર ખાદી | ૨૫% વળતર |
| પરપ્રાન્ત ખાદી | ૧૫% વળતર |
| રેશમ ખાદી | ૧૫% વળતર |
| ગરમ ખાદી | ૧૫% વળતર |

અમારે ત્યાં શેત્રંજી, આસન, આસનપટ્ટા, નાહવાના રૂમાલ, હાથરૂમાલ, બેડશીટ, પીલોકવર, ચોરસ ગાદી, તૈયાર લેંઘા, ઝભ્ભા, સદરા, સુતરાઉ ખાદી, પોલીવસ્ત્ર ખાદી, ગરમ ખાદી અને ગ્રામોધોગ સાબુ, લિમડા સાબુ તથા સરકારશ્રી દ્વારા માન્ય ફર્નિચર મળશે.

સંસ્થાના અન્ય કેન્દ્રો : ● ગ્રામોધોગ ગાંધી હાટ, સ્ટેશન રોડ, મોડાસા ● યોગીકૃપા ખાદી ભંડાર - સ્ટેશન રોડ, મેઘરજ ● યોગીકૃપા ખાદી ભંડાર - આકાર કોમ્પલેક્ષ, ભિલોડા ● અંબિકા ખાદી ભવન, પૂર્ણિમા કોમ્પલેક્ષ, અંબાજી

● પ્રમુખશ્રી - ઉષાબેન કે. ત્રિવેદી ● મંત્રીશ્રી - ધરમેન્દ્ર સી. યોગી

● વ્યવસ્થાપક - જશવંત સી. યોગી

નોંધ : તા. ૨/૧૦/૧૪ થી તા. ૩૧/૩/૧૫ સુધી વળતરનો લાભ આપવામાં આવશે.

ઘરનું ઘર વસાવવાનો અમૂલ્ય અવસર...

2 & 3 bhk living space and shops

Sample House Ready

શિવાલય RESIDENCY

drive home to the smartest concept of living



Project by S. R. Infrastructure

Site : SHIVALAY RESIDENCY, Reliance Infocity Road, Nr. Pramukh Arcade, Kudasan, Gandhinagar

Exclusive Sales Partner : Call The Property Shop : 98980 29451, 97236 71067

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com